# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ suratdeo@gmail.com


જા.નં./મા-૭/૨૦૨૫/ ૫૫૭૭ તા. ૨૫ /૦૪/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓ,
જિ-સુરત.

**વિષય :-** નાસ્તો/ફૂડ આપતી શાળાઓની માહિતી ભરવા બાબત.
**સંદર્ભ:-** આરોગ્ય અધિકારી, સુરત મહાનગપાલિકાનાં પત્ર ક્રમાંક:નં.પીએચડી/આઉટ/૧૬૭, તા-૨૫/૦૪/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સુરત મહાનગપાલિકા વિસ્તારમાં આવેલ જે શાળાઓમાં બ્રેકફાસ્ટ/લંચ આપવામાં આવે છે તેવી શાળાઓની માહિતી માંગેલ હોઈ, તો તેવી શાળાઓએ નીચે આપેલ લીંક અથવા QR CODE સ્કેન કરી ગુગલ ફોર્મમાં દિન-૦૧માં ફરજીયાતપણે માહિતી ભરવા આથી જણાવવામાં આવે છે.

https://docs.google.com/forms/d/e/1FAIpQLScG85VpagORq7KCcukgiAs32LoICTYBXuxH0fuurvPtuIC-sg/viewform?usp=header

**બીડાણ:-** સંદર્ભપત્ર

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

ડૉ. પ્રદીપ ઉમરીગર
એમ.બી.બી.એસ.,ડી.પી.એચ.
આરોગ્ય અધિકારી

સુરત મહાનગરપાલિકા
મુગલીસરા-૩૯૫૦૦૩

નં.પીએચડી/આઉટ/૧૬૭
તા.૨૫/૦૪/૨૦૨૫

પ્રતિ
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત

વિષય : સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત ઉજવણી અંતર્ગત જીલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી તેમના તાબા હેઠળની નાસ્તો/ફૂડ આપતી શાળાઓની માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : મે.અધિક સચિવશ્રી (પ્રોટોકોલ), સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક GAD/MSM/e-file/1/2025/1839/GH(Protocol)-Saction તા ૨૬-૦૩-૨૦૨૫

મહાશય,

સવિનય ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ પત્ર અન્વયે જણાવવાનું કે, વર્તમાન સમયમાં જીવનશૈલીમાં બદલાવો જેવા કે વધુ પડતો સ્ક્રીન ટાઈમ, ખોરાક - નિદ્રાના સમયગાળામાં ફેરફાર, શારીરીક કસરત થાય તેવી પ્રવૃત્તિઓમાં ઘટાડો વગેરેને કારણે સમગ્ર વિશ્વમાં મેદસ્વિતા ધરાવતા અને સરેરાશ વજન કરતા વધારે વજન ધરાવતા લોકોની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે; જેને કારણે ડાયાબિટિસ, કાર્ડિયોવેસ્ક્યુલાર ડિસિઝ, પાચનતંત્રને સંલગ્ન રોગો વગેરે જેવા બીન ચેપી રોગ (Non Communicable Diseases)ના દર્દીઓની સંખ્યા વધી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ આંકડાઓ મુજબ વિશ્વમાં દર આંઠ વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ મેદસ્વિતા ધરાવે છે. વિશ્વમાં ૧૮ વર્ષથી ઉપરના લોકો પૈકીના ૪૩% લોકો સરેરાશ વજન કરતા વધુ વજન ધરાવે છે અને ૧૬% લોકો મેદસ્વિતા ધરાવે છે.

આયુષ્માન ભારત હેલ્થ વેલ્નેસ સેન્ટર યોજના હેઠળ, સમગ્ર પ્રાથમિક આરોગ્ય સંભાળ (Comprehensive Primary Health Care) દ્વારા NCDs (બીન ચેપી રોગો) ને નિવારવાના પાસાઓને મજબૂત બનાવવામાં આવ્યા છે; જેમાં સામુહિક સ્તરે આરોગ્ય સુખાકારી પ્રવૃત્તિઓ અને લક્ષ આધારીત સંચારને પ્રોત્સાહન આપવામાં આવે છે. સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે જાહેર જાગૃતિ વધાંરવા માટેની અન્ય પહેલીમાં પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને સામુહિક જાગૃતિ ફેલાવવામાં આવે છે.

ડૉ. પ્રદીપ ઉમરીગર
એમ.બી.બી.એસ.,ડી.પી.એચ.
આરોગ્ય અધિકારી

સુરત મહાનગરપાલિકા
મુગલીસરા-૩૯૫૦૦૩

World Health Organization (WHO) એ ઘણા વર્ષોથી વૈશ્વિક મેદસ્વિતાના સંકટને અત્યાવશ્યક રીતે સંબોધેલ છે. વર્લ્ડ હેલ્થ એસેમ્બલીએ ગ્લોબલ ન્યુટ્રિશન ટાર્ગેટ્સ, જે બાળપણમાં મેદસ્વિતામાં વધારો ન થાય તેની ખાતરી કરવા માટે અને 2025 સુધીમાં ડાયાબિટીસ અને મેદસ્વિતામાં વધારો અટકાવવાના NCD ટાર્ગેટ્સને WHO સભ્ય રાષ્ટ્રોએ મંજૂરી આપી છે. વધુમાં, સને ૨૦૨૨ માં ૭૫મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન, સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત અને સંચાલન માટે નવી ભલામણો સ્વીકારી, મેદસ્વિતા રોકવા માટે WHO ના એક્સિલરેશન પ્લાનને મંજૂરી આપેલ. આ મંજૂરી પછી, એક્સિલરેશન પ્લાનને જરૂરી વાતાવરણ પુરૂં પાડી, નીતિઓને સુવ્યવસ્થિત કરવા તથા વિવિધ દેશોમાં અમલીકરણને ટેકો આપ્યો છે અને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે જવાબદારી મજબૂત કરવાની પહેલ કરી છે.

'પહેલું સુખ તે જાતે નર્યા' એ પ્રત્યેક વ્યક્તિ માટે પાયાની અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે, સ્વસ્થતાનો આ વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તેમજ રાજ્યના લોકો પર બીન ચેપી રોગોનું ભારણ ઘટે, તે કારણોસર સમગ્ર રાજ્યમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન'ની ઉજવણી કરવા તેની રૂપરેખા નક્કી કરવા માટે અને સમગ્ર કાર્યક્રમનું અસરકારક આયોજન થાય તે માટે તે માટે જુદા જુદા વિભાગોના કુલ ૧૯ જેટલા અધિકારીઓની Steering Committeeની રચના કરવામાં આવેલી છે. તેમજ આ Steering Committeeના દિશા નિર્દેશોનો અને નિર્ણયોનો સુચારુ અમલ થાય અને પ્રત્યેક કાર્યક્રમની સુયોગ્ય ઉજવણી થાય, તે માટે Executive Committeeની પણ રચના કરવામાં આવેલી છે. આ સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત ઉજવણીના ભાગરૂપે જુદા જુદા વિભાગોને સૂચવેલ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરવા કામગીરી સોપવામાં આવેલી છે.

ઉપરોક્ત હકીકત અન્વયે સુરત મહાનગરપાલિકા વિસ્તારની જે શાળાઓમાં બ્રેકફાસ્ટ/લંચ આપવામાં આવે છે, તેવી શાળા/કોલેજોનું લીસ્ટ આ સાથે સામેલ ફોર્મેટ મુજબ દિન-૩ માં moh.health.surat@gmail.com E-Mail પર મોકલી આપવા ઘટતું થવા સારૂં.

આભાર સહ,

આરોગ્ય અધિકારી,
સુરત મહાનગરપાલિકા

ન.સા.રવાના: ડે.કમિશ્નર (ડી) પ્રતિ...જાણ સારૂં.